# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-05-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## વિદેશ સચિવ વિક્રમ મિસરીએ યુધ્ધ વિરામ અંગેનું નિવેદન આપ્યુ:

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યુ છે કે પાકિસ્તાન સાથે ગઈકાલે થયેલ સમજુતીના વારંવાર ઉલ્લઘન થયુ છે. નવી દિલ્હીમાં સંવાદાતાઓ સાથે વાતચીતમાં શ્રી મિસરીએ કહ્યુ કે કહ્યુ કે સશસ્ત્રપદળ સંઘર્ષ વિરામ ઉલ્લઘનનો યોગ્ય જવાબ આપી રહ્યા છે. ભારત આ ઉલ્લઘનોને ખુબજ ગંભીરતાથી લઈ રહ્યુ છે. ભારતે પાકિસાતન સાથે સંઘર્ષ વિરામ ઉલ્લંઘનને સમાપ્ત કરવા માટે યોગ્ય પગલા લેવા તથા સ્થિતિમાં ગંભીરતાથી અને જવાબદારી સાથે વર્તવા આહ્વાન કર્યુ છે. શ્રી મિસરીએ કહ્યુ કે સશસ્ત્રદળો સ્થિતિ પર કડક નજર રાખી રહ્યા છે. તેમણે ઉમેર્યુ કે તેમને આંતરાષ્ટ્રીય સીમા નિયંત્રણ રેખા સંઘર્ષ વિરામ ઉલ્લઘનની કોઈપણ ઘટના સામે કડકાઈ પુર્વક વર્તવા નિર્દેશ અપાયા છે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યુ કે પાકિસ્તાનના સૈન્ય ઓપરેશન્સ મહાનિર્દેશકે ગઈકાલે બપોરે યુધ્ધ વિરામનું આહ્વાન કહ્યુ જે બાદ ચર્ચા થઈ અને સહમતિ સંધાઈ.વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યુ છે કે ગોળીબાર અને સૈન્ય કાર્યવાહી રોકવા પર બંન્ને દેશો વચ્ચે સીધી સહમતિ સધાઈ. તેમણે કહ્યે કે વાતચીત દરમ્યાન બંન્ને પક્ષે જમીન, હવા અને સમુદ્ર સીમા પર તમામ પ્રકારની સૈન્ય કાર્યવાહી બંધ કરવા સહમતિ સધાઈ હતી. શ્રી મિસરીએ કહ્યુ કે સૈન્ય સંચાલન મહાનિર્દેશક કાલે ફરી વાતચીત કરશે પરંતુ હાલ એલ.ઓ.સી પર પાકિસ્તાન દ્વારા યુધ્ધ વિરામના ઉલ્લઘનના સમાચારો મળ્યા છે.

-----------------------------------------------------------------------------------------

## P.M ઉચ્ચસ્તરીય બેઠક:

કોંગ્રેસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત અને પાકિસ્તાનની સંઘર્ષ વિરામની જાહેરાત બાદ તરત જ ઉચ્ચસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નિવાસ પર યોજાયેલી બેઠકમાં વિદેશમંત્રી સુભ્રમણ્ય જયશંકર, સંરક્ષણમંત્રી રાજનાથસિંહ,રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પ્રમુખ રક્ષા અધ્યક્ષ અને ત્રણેય સેનાઓના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------------

## C.M ઉચ્ચસ્તરીય બેઠક:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. જેમાં સરહદી જિલ્લાઓના નાગરિકોની સુરક્ષા તથા મિલકતની સલામતીના જિલ્લાતંત્રના આયોજનોની સમીક્ષા

કરવામાં આવી હતી. આ બેઠકમાં સંબંધિત વિભાગોના સચિવો પાસેથી તેમના વિભાગોની હાથ ધરાયેલી કામગીરીની વિગતો પણ શ્રી પટેલે મેળવી હતી. અન્ન અને નાગરિક પુરવઠા અગ્રસચિવ આર.સી.મીનાએ 38 જેટલી જરૂરી ચીજ વસ્તુઓના ભાવો નિયંત્રણમાં રહે તે માટે વિભાગ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવે છે તેની માહિતી આપી હતી.

---

## રાજ્ય સરકારે જીવન જરૂરી ચીજવસ્તુઓ ઉપલબ્ધ હોવાનું જણાવ્યું.:

પ્રવર્તમાન પરિસ્થિતિમાં રાજ્ય સરકાર પાસે જીવન જરૂરી ચીજવસ્તુઓ, દવાઓ, ઇંધણ સહિતનો જથ્થો પૂરતી માત્રામાં ઉપલબ્ધ છે. રાજ્યના સરહદી જિલ્લાઓના કલેક્ટર, તેમના જિલ્લાઓમાં આવી કોઇ પણ ચીજ વસ્તુઓની જરૂરિયાત જણાય કે તુરત જ તેઓ રાજ્ય સરકારનો સંપર્ક કરીને તાત્કાલિક તે મેળવી શકશે તેમ જિલ્લાઓના વહિવટી તંત્ર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યોજેલી વીડિયો કોન્ફરન્સ સમીક્ષા બેઠકમાં જણાવવામાં આવ્યું હતું.

---

## ગઇ મોડી સાંજે સરહદી કચ્છમાં ડ્રોન જેવા મળ્યા :

સરહદી કચ્છ જિલ્લામાં ગઈકાલે સાંજે અનેક ડ્રોન જોવા મળ્યા બાદ, રાજ્ય સરકારે કચ્છ સહિતના સરહદી જિલ્લાઓમાં બ્લેકઆઉટ લાગુ કર્યો હતો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં આ વાતની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું કે લોકોએ ગભરાવાની જરૂર નથી. કચ્છ ઉપરાંત, બનાસકાંઠા, દેવભૂમિ દ્વારકા, જામનગર અને પાટણ જિલ્લામાં બ્લેકઆઉટ લાદવામાં આવ્યો હતો.

---

## જિલ્લા કલેક્ટરે તાત્કાલિક અસરથી બ્લેક આઉટ જાહેર કર્યું:

જિલ્લા કલેક્ટર આનંદ પટેલે પણ X પર તાત્કાલિક અસરથી સમગ્ર કચ્છ જિલ્લામાં બ્લેકઆઉટ જાહેર કર્યું હતું. તેમણે તમામ નાગરિકોને એનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરી હતી.

---

## આકાશવાણી ભુજ F.M □□ □□□ :

આકાશવાણી ભુજનું પ્રસારણ F.M પર શરૂ થયુ છે. હાલ તકનીકી કારણોસર મીડયિમવેવ ટ્રાન્સમીટર સેવા બંધ છે, ત્યારે F.M ફ્રિક્વન્સી 103.07 પર આકાશવાણી ભુજનું પ્રસારણ હાલની તકે શરૂ કરાયુ છે. સ્ટેશનના વડા જયેશ રાવલે આ પ્રસંગે ટેકનીકલ સ્ટાફ સહિત સમગ્ર આકાશવાણી પરિવાર અને શ્રોતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

---

## નાગરિકોને પ્રેસ બ્રીફિંગ જેવા વિશ્વસનીય સ્ત્રોતો પર જ વિશ્વાસ કરવા કહેવાયુ:

આકાશવાણી સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં, લેફ્ટનન્ટ જનરલ ડી.પી. પાંડેએ નાગરિકોને સરકારી પ્રેસ બ્રીફિંગ જેવા વિશ્વસનીય સ્ત્રોતો પર જ વિશ્વાસ કરવા વિનંતી કરી છે.

શ્રી પાંડે એક અનુભવી સંરક્ષણ નિષ્ણાત છે. તેમણે 42 વર્ષ સુધી ભારતીય સૈન્યમાં સેવા આપી છે.

---

## 32 વિમાની મથકોની વિમાની સેવા સ્થગિત:

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા દેશના ઉત્તર અને પશ્ચિમ પ્રદેશોના 32 વિમાની મથકો પરથી 15 મે સુધી ફ્લાઇટ્સ હંગામી ધોરણે સ્થગિત કરવાની જાહેરાત કરી છે. આ વિમાનીમથકોમાં ભુજ સહિત અમૃતસર, ચંદીગઢ, જમ્મુ, શ્રીનગર, જામનગર, જેસલમેર, પઠાણકોટ અને અન્ય વિમાનીમથકોનો સમાવેશ થાય છે.

દરમિયાન, દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથક પર ફ્લાઇટ્સ સામાન્ય રીતે કાર્યરત છે.

---

## હવામાન:

હવામાન વિભાગે આગામી 3 દિવસ કમોસમી વરસાદની આગાહી કરી છે. 50થી60 કિલોમીટરની ઝડપે પવન સાથે હળવા વરસાદની શક્યતા છે.રાજ્યના વિવિધ જિલ્લાઓની સાથે સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ વરસાદી માહોલ જોવા મળશે. આ સાથે જ તાપમાનમાં 3 થી 5 ડિગ્રીનો વધારો થવાની પણ શક્યતા છે. ગઈકાલે અબડાસા લખપતમાં કેટલાક ગામોમાં વરસાદ થયાના સમાચાર છે.

---